**સલાબતપુરા પો.સ્ટે. વિસ્તારમાં રૂ. ૫૩ લાખના કાપડના માલની ખરીદી કરી વેપારીઓને સમય મર્યાદામાં પેમેન્ટ નહીં ચુકવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરનાર આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.**

સુરત શહેર વિસ્તારમાં વાહન ચોરી, ઘરફોડ ચોરી, અને નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચના અધિકારી/પોલીસ માણસો વર્ક-આઉટમાં હતા તે દરમ્યાન સુરતના સલાબતપુરા પો.સ્ટે. માં રૂ. ૫૩ લાખના કાપડના માલની ખરીદી કરી, વેપારીઓને સમય મર્યાદામાં પેમેન્ટ નહી ચુકવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરનાર આરોપી અમદાવાદ ખાતે હોવાની બાતમી હકીકત આધારે આરોપી અલ્પેશકુમાર સુરેશચન્દ્ર શાહ ઉ.વ.૫૧ રહેવાસી-૨૫, નુતનપ્રકાશ સોસાયટી, આઇ.ઓ.સી. રોડ, ‘ડી’ કેબીન, સાબરમતી અમદાવાદ. મુળગામ-દેહગામ તા.દેહગામ જી.ગાંધીનગર નાઓને અમદાવાદ ખાતેથી પકડી પાડી, નીચે મુજબના ગુન્હાઓનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

આરોપીનો અગાઉનો ગુનાહીત ઇતિહાસ:-(૧) અમદાવાદ કાગડાપીઠ પો.સ્ટે.માં સને ૨૦૧૧ માં આઠ ગુનામાં પકડાયેલ છે. જેમાં ૪ કેસ આઇ.પી.સી. ૩૮૪, ૩૮૫ ના ખંડણીના હતા અને ૪ કેસ ૩૨૩,૩૨૪ મારા મારીના હતા. (૨) અમદાવાદ શહેર કાગડાપીઠ પો.સ્ટે.માં કાપડનો માલ ખરીદી પેમેન્ટ નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડીના બે ગુન્હામાં અગાઉ પકડાયેલ છે.